**ફોજદારી અપીલ નંબર : ૧૦/૨૦૨૬.**

**–:: એપેલન્ટની આંક : ૪ ની અરજી હેઠળ હુકમ ::–**

(૧) હાલના એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮, ૧૪૨ મુજબના ગુનાના કામના ખાનગી ફોજદારી કેસ નંબર : ૨૨૭૭/૨૦૨૪ ના કામના કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલી જતાં તારીખ : ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ બારડોલીના વિ. એડી. ચીફ જ્યુ. મેજિ.શ્રીએ વિગતવારનો હુકમ ફરમાવી એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સંબંધે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે દોષિત ઠરાવી બે વર્ષની સખ્ત કેદની સજા ફરમાવતો હુકમ કરેલ છે અને ફરિયાદીને ચેકની રકમ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કરેલ છે.

(૨) એપેલન્ટના વિ. વકીલશ્રીએ હાલની અરજી મંજૂર કરવામાં આવે તો વાંધો નથી તે મુજબનો શેરો અરજી હેઠળ કરેલ છે. આ કામના એપેલન્ટને બે વર્ષની સખ્ત કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે. એપેલન્ટ હાલ જ્યુડિશ્યલ કસ્ટડીમાં છે. હાલના એપેલન્ટ સુરત જિલ્લાના કાયમી રહેવાસી છે, જે હકીકત ધ્યાને લેતાં તેઓની હાજરી સરળતાથી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે અને એપેલન્ટની અપીલને ચાલતાં સમય જાય તેમ છે. આ સંજોગોમાં અપીલ ચાલતાં સુધીના સમય દરમ્યાન જો આરોપીને ચોકકસ શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે. આમ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની જોગવાઈ મુજબ અપીલનો નિર્ણય થતાં સુધી વિ. નીચેની અદાલતે ફરમાવેલ સજા સંબંધેનો આદેશ મોકૂફ રાખવા અને અપીલના આખરી નિર્ણય સુધી એપેલન્ટને જામીન મુકત કરવા યોગ્ય જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

બારડોલીના વિ. એડી. ચીફ મેજિ.શ્રીએ ફોજદારી કેસ નંબર : ૨૨૭૭/૨૦૨૪ ના કામે તારીખ : ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગે દોષિત ઠરાવી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવાનો જે હુકમ કરેલ છે તે હુકમ આ અપીલનો આખરી નિકાલ થતાં સુધી સ્થગિત કરવામાં આવે છે અને આરોપી/એપેલન્ટ રૂા.૨૫,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કર્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે

## –:: શરતો ::–

(૧) એપેલન્ટે સદર કાયદામાં સુધારેલ કલમ–૧૪૮ મુજબ વળતરની રકમની ૨૦% રકમ નાઝરશ્રી, સિવિલ કોર્ટ, બારડોલીનાઓ સમક્ષ આ હુકમની તારીખથી દિન–૩૦ માં ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.

(૨) એપેલન્ટ/આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું પુરાવા સાથે અત્રેની અદાલતમાં રજૂ કરવાનું રહેશે અને જો તે સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ અત્રેની અદાલતને કરવાની રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે અપીલની કાર્યવાહીની દરેક ઠરાવ તારીખે નિયમિત સમયસર હાજર રહેવું.

આ હુકમની યાદી સંબંધિત વિ. નીચેની અદાલતમાં કરવી.

હુકમ આજ **તારીખ :** ૪ થી, **માહે :** ફેબ્રુઆરી, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૪/૦૨/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
I/C ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ00582